ઉદ્‌ગમ અને સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે

# ૧૦મી માર્ચે ગાંધીનગરમાં શાસ્ત્રીય ગાયનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૬

ઉદ્‌ગમ ચૅરીટેબલ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે તા. ૧૦મી માર્ચના રોજ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉદ્‌ગમ દ્વારા દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ઉદ્‌ગમ વુમન્સ ઍચિવર ઍવોર્ડથી મહિલાઓને સન્માનવામાં આવે છે. ઉદ્‌ગમનાં ટ્રસ્ટી સ્વ. ઉષાબેન ધ્રુવભાઈ જોષીની સ્મૃતિમાં આ વર્ષથી બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.૧૦મી માર્ચના રોજ સી ઍમ પટેલ નર્સિંગ કૉલેજ, ગાંધીનગર ખાતે રાત્રે ૮.૩૦ વાગ્યાથી સુશ્રી રાધિકાબેનનું શાસ્ત્રીય, ઉપશાસ્ત્રીય ગાયન અને મહિયર ઘરાનાના વારાણસી સ્થિત પં. સિધ્ધાર્થ બેનર્જી સિદ્ધવીણા પ્રસ્તુત કરશે.

ગાંધીનગરના સૌ રસિક જનોને આ 'ઉષાપર્વ'માં ભાગ લેવા સંસ્થા તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



રાજકોટ શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી, રેસકોર્સ ખાતે પોર્ટ્રેટ ક્લબ ઓફ રાજકોટ દ્વારા દસમી માર્ચથી બારમી માર્ચ સુધી પોર્ટ્રેટ એક્ઝિબિશન યોજાઈ રહ્યું છે.

ગાંધીનગરના વત્સલ રસેન્દુ વોરા અને તેમની દીકરા હીમાનાં બે-બે ચિત્રો આ પ્રદર્શન માટે પસંદગી પામ્યાં છે. કલારસિકોને આ પ્રદર્શન નિહાળવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે. ઉલ્લેખનીય છે કે હાલ તેઓ ચારકોલના માધ્યમથી પોર્ટ્રેટ બનાવી રહ્યા છે અને સ્ટપલિંગ મેથડથી પણ પોર્ટ્રેટ બનાવવાનું શરૂ કર્યું છે.

## બૉડી બિલ્ડીંગ સ્પર્ધામાં ગાંધીનગરનું ગૌરવ ઉજાગર થયું



૩૮મી સિનિયર ગુજરાત બોડી બિલ્ડીંગ એન્ડ ફિટનેસ ચેમ્પિયનશીપ ગુજરાત સ્ટેટ બોડી બિલ્ડીંગ એસોસિએશન તરફથી નિલમબાગ પેલેસ, ભાવનગર ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિરલકુમાર ડી ચૌધરીએ હાઈપર ટ્રોફી જીમ, ગાંધીનગર તરફથી ભાગ લઈ પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વિરલકુમારને નગરના ખેલપ્રેમીઓ તરફથી અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

## જન્મદિને વધામણી



અંબુજી વી. વિહોલ
મો. ૯૯૨૪૨ ૩૬૦૭૦



પ્રતીમાબેન ત્રિવેદી
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગોપાલક સ્કૂલના વિદ્યાર્થીઓએ 'બાલોદ્યાન'ની મુલાકાત લીધી



જેએમપી ગોપાલક વિદ્યા સંકુલના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓને સેક્ટર-૨૮ના બાલોદ્યાનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. અહીં તેમને વનભોજન કરાવી વિવિધ રમતો પણ રમાડવામાં આવી હતી.



ગાંધીજી સ્થાપિત નવજીવિન પ્રકાશન સંસ્થાના શતાબ્દી વર્ષ નિમિત્તે અને તુલસી વલ્લભનિધિ દ્વારા ગાંધીજીના ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે કસ્તુરબાને કેન્દ્રમાં રાખી 'માનસ નવજીવન' કથા દરમિયાન જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદની રામકથામાં ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રા. સંજય મકવાણા દ્વારા ગાંધીજીના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે ગાંધીજીની આત્મકથા અથવા સત્યના પ્રયોગોમાંથી ૧૫૦ પ્રસંગો લઈ ગાંધીવચન નામે પુસ્તક તૈયાર કરવામાં આવ્યું હતું, જેનું લોકાર્પણ પૂ. મોરારિબાપુ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયાના માધ્યમથી રોજ દોઢસોથી વધુ વ્યક્તિઓ સુધી આ વિચારો પહોંચાડવામાં આવ્યો છે અને તે દ્વારા તેનો વિસ્તાર થયો તથા તેનો યોગ્ય પ્રતિભાવ મળ્યો અને એમ આ પુસ્તક તૈયાર થયું છે. પુસ્તકનું પ્રકાશન ફલેમિંગો પબ્લિકેશન્સ, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે.

# મારી અહિંસાની કસોટી

॥ બીજો મણકો ॥

સૌની શ્રદ્ધા એક જ વસ્તુને વિષે એકસરખી હોય તો જગતમાં એક જ ધર્મ હોય. ખિલાફત વિષેની માગણી મને નીતિ વિરુદ્ધ ન જણાઈ, એટલું જ નએએં પણ, એક માગણીનો સ્વીકાર બ્રિટિશ પ્રધાન લૉઈડ જ્યૉર્જે કર્યો હતો, એટલે મારે તો તેમના વચનનું પાલન કરાવવા પૂરતો જ પ્રયત્ન કરવાનું રહ્યું હતું.


વચન એવા સ્પષ્ટ શબ્દોમાં હતું કે મર્યાદિત ગુણદોષ તપાસવાનું કામ કેવળ મારા અંતરાત્માને પ્રસન્ન કરવા ખાતર કરવાનું હતું. ખિલાફતના પ્રશ્નમાં મેં મુસલમાનોને સાથ દીધો તે વિષે મિત્રોએ અને ટીકાકારોએ મને ઠીક ઠીક ટીકાઓ સંભળાવી છે. એ બધાનો વિચાર કરતાં છતાં, જે અભિપ્રાયો મેં બાંધ્યા ને જે મદદ દીધી એવડાવી તેને વિષે મને પશ્ચાતાપ નથી, તેમાં મારે કશું સુધારવાપણું નથી. આજે પણ એવો પ્રશ્ન ઊઠે તો મારી વર્તણૂક એવા જ પ્રકારને હોય એમ મને ભાસે છે.

આવી જાતના વિચારોભર્યો હું દિલ્હી ગયો. મુસલમાનોના દુઃખ વિષેની ચર્ચા મારે વાઈસરૉય સાથે કરવાની જ હતી. ખિલાફતના પ્રશ્ને હજુ પોતાનું પૂર્ણ સ્વરૂપ પકડ્યું નહોતું.

દિલ્હીમાં પહોંચતાં દીનબંધુ ઍન્ડ્રુઝે એક નૈતિક પ્રશ્ન ઊભો કર્યો. એ જ અરસામાં ઈટાલી ને ઈંગ્લંડ વચ્ચેના છૂપા કરારો વિષેની ચર્ચા અંગ્રેજી અખબારોમાં થયેલી તેની દીનબંધુએ મને વાત કરી ને કહ્યું:'જો આમ છૂપા કરારો ઈંગ્લંડે કોઈ સત્તાની સાથે કર્યા હોત તો તમારાથી આ સભામાં કેમ મદદગાર ભાગ લેવાય?' હું આ કરારો વિષે કંઈ જાણતો નહોતો. દીનબંધુનો શબ્દ મારે સારુ બસ હતો. આવા કારણને અંગે સભામાં ભાગ લેવાની આનાકાની કરનારો પત્ર મેં લૉર્ડ ચેમ્સફર્ડને લખ્યો. તેમણે મને ચર્ચા કરવા બોલાવ્યો. તેમની સાથે ને પછી મિ. મેફીની સાથે મને લાંબી ચર્ચા થઈ. તેનો અંત એ આવ્યો કે મેં સભામાં ભાગ લેવાનું સ્વીકાર્યું. વાઈસરોયની દલીલ ટૂંકમં આ હતી: 'તેમે એમ તો નથી માનતા ને કે બ્રિટિશ કૅબિનેટ જે કંઈ કરે તેની વઈસરૉયની જાણ હોવી જોઈએ? બ્રિટિશ સરકાર કોઈ દિવસ સરકાર કોઈ દિવસ ભૂલ ન જ કરે એવો દાવો હું નથી કરતો, કોઈ કરતું નથી. પણ જો તેની હસ્તી જગતને કલ્યાણકારી છે એમ તમે કબૂલ કરો, જો તેની પ્રવૃત્તિથી આ દેશને કલ્યાણકારી છે એમ તમે માનો, તો દરેક શહેરીનો તેની આઓઅતિને સમયે સતેને મદદ દેવાનો ધર્મ છે એમ તમે કબૂલ નહીં કરો? છૂપા કરારને વિષે જે તમે છાપામાં જોયું છે તે મેં પણજોયું છે. એથી વિશેષ હું નથીએ જાણતો એ હુ તમને ખાતરીપૂર્વક કહી શકું છું. છાપામાં કેવી ગપો આવે છે એ તો તમે જાણો જ છો. શું છાપમાં આવેલી એક નિંદક વાતથી તમે સલ્તનતનો આવે સમયે ત્યાગ કરી શકો છો? લડાઈ પૂરી થઈ ગયા પછી તમારે જેટલા નીતિના પ્રશ્નો ઉઠાવવા હોય એટલા ઉઠાવી શકો છો, ને જેટલી વઢવાડ કરવી હોય એટલી કરી શકો છો.'




આ દલીલે નવી નહોતી. જે અવસરે ને જેવી રીતે મુકાઈ તેથી મને નવી જેવી જણાઈ ને મેં સભામાં જવાનું કબૂલ કર્યું. ખિલાફત બબત મારે વાઈસરૉયને કાગળ લખી મોકલવો એમ ઠર્યું.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# આજે "વિશ્વ મહિલા દિવસ" નિમિત્તે અમદાવાદમાં કવયિત્રીઓનો મુશાયરો

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજય ઉર્દૂ સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે કવયિત્રીઓનો મુશાયરો, પુસ્તક વિમોચન અને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહ અમદાવાદ ખાતે યોજાશે.

ગુજરાત રાજય ઉર્દૂ સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તા. ૦૮ માર્ચ, ૨૦૧૯ને શુક્રવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે શેઠ શ્રી મંગળદાસ ટાઉનહોલ, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે ભારતીય કવયિત્રીઓના એક મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પચાસ હજાર શબ્દોનો 'ઉર્દૂ–ગુજરાતી શબ્દકોશ'ની તૃતીય આવૃત્તિનું વિમોચન અને ઉર્દૂ ભાષાના વર્ષ-૨૦૧૭માં પ્રગટ થયેલ શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક અર્પણ કાર્યક્રમ યોજવામાં આવશે.

આ મુશાયરામાં સર્વ અના દહેલવી (દિલ્હી), સલોની રાણા (આગ્રા), સીમા કશિશ (લખનઉ), શ્રુતિ ભટ્ટાચાર્ય (મુબંઈ), સબીહા અસર (ભોપાલ), રઈશા ખુમાર (નાસિક), રેહાના કાઝી 'તન્?હા' (જૂનાગઢ) શહેનાઝ મુલતાની (અમદાવાદ), મેગી આસનાની (અમદાવાદ), ફહેમીદા 'સબા' (અમદાવાદ), અંજના સંધીર (અમદાવાદ) - ઉપસ્?થત રહીને પોતાના કાવ્યપાઠ કરશે.

કાર્યક્રમમાં ગુજરાત રાજયના માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા કાર્યક્રમ અધ્યક્ષ તરીકે ખાસ ઉપસ્થિત રહેનાર છે. ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માનનીય મેયર બીજલબહેન પટેલ, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડયા, રાજસ્થાન ઉર્દૂ સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ અને કવિ અબ્દુલ ગફાર ખાન ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગુજરાત રાજય ઉર્દૂ સાહિત્ય અકાદમીના માર્ગદર્શક મંડળના સદસ્યો પણ ઉપસ્થિત રહેશે.

ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા યોજાઈ રહેલા આ કાર્યક્રમોમાં પુરસ્કૃતોને અભિવાદન કરવા માટે જાહેર જનતાને તથા ઉર્દૂ ભાષા સાથે ખાસ જોડાયેલા સાહિત્યકારોને ઉર્દૂ સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




ગાંધીનગર, તા. ૭

પુલવામામાં શહીદ થયેલ જવાનોના આત્માની શાંતિ માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી વિદ્યાલય તથા શાહપુર પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે શાળામાં પ્રાર્થના સભા અને કેન્ડલ માર્ચનું આયોજન ગત સપ્તાહે કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં શાળા પરિવાર અને ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. આ પ્રાર્થના સભામાં તેમના દ્વારા ફંડ એકત્ર કરવાની વાત રજૂ કરવામાં આવી હતી.

ગ્રામજનો દ્વારા શાળામાં ૪૭૦૦૦/- રૂપિયા જેટલી રકમ એકત્ર કરવામાં આવી હતી. આ રકમનો ચેક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિના હસ્તે ગાંધીનગર જીલ્લા કલેકટરને અર્પણ કરવામાં આવી હતી. ગાંધીનગર કલેકટર લાંગાએ શાળા પરિવાર અને ઉદાર હાથે ફાળો આપનાર શાહપુર ગ્રામજનોનો અભાર વ્યકત કર્યો હતો.

# ભારતીય સેનાના જવાનોને બિરદાવવા 'આજ કી શામ, શહીદોં કે નામ' કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૭

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, અમદાવાદ મહાનગરપાલિકા તેમજ ભવન્સ કલ્ચરલ અકાદમી અને સેન્ટર ફોર આર્ટસના સંયુક્ત ઉપક્રમે બુધવારે ભવન્સ જે. એ. હોલમાં ભારતીય સેનાના બહાદુરીભર્યા સેવા અને પરાક્રમને પ્રજાનું પીઠબળ અને પ્રોત્સાહન આપવા માટે દેશ ભક્તિ સંદર્ભે કવિ સંમેલન અને મુશાયરાનો એક ખાસ કાર્યક્રમ 'આજ કી શામ ભારત કી સેના કે નામ'નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે જુના અખાડાના વરિષ્ઠ મહામંડલેશ્વર સ્વામી શ્રી અર્જુનપૂરી મહારાજજી, શ્રી તુલસી માનવ મંદિર (હરિદ્વાર)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

સરખેજ કેળવણી મંડળના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ શહીદોના પરિવારને મદદરૂપ થવા ગામમાંથી એક લાખ અગિયાર હજાર એકસોએક રૂપિયા નો ફાળો એકઠો કર્યો હતો. ફાળાની રકમને ભારતીય સેના વતી ભારતીય વિદ્યા ભવન અમદાવાદના સંયોજક લે. કર્નલ રાજેશ સકલાનીએ સ્વીકારી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ એવા ડૉ. જગદીશ ત્રિવેદી, શાહબુદીન રાઠોડ, જીતુભાઈ દ્વારકાવાળા અને નીરવ મહેતા મુખ્ય કલાકારો હતા. કાર્યક્રમનું સંકલન ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જે. એમ. ભટ્ટ તેમજ ભારતીય વિદ્યા ભવનના નિયામક જીગર રાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા વૃદ્ધાશ્રમની મુલાકાત



## વિદ્યાર્થીઓએ વડીલો સાથે સમય પસાર કર્યો અને તેમને જરૂરી વસ્તુઓ પણ ભેટમાં આપી

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન બીબીએના ૩૫ વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમમાં સીધું-સામાન તેમજ જીવન જરૂરી ચીજ વસ્તુઓનું વિતરણ કર્યું હતું. ગાંધીનગર નજીક પેથાપુર ખાતે આવેલ ઘરડાઘર ખાતે વિદ્યાર્થીઓએ પોતાનો સમય વૃદ્ધ વડીલો માટે ફાળવ્યો હતો જ્યાં તેઓએ વડીલો સાથે રહી ખુશનુમા વાતવરણ સર્જી દીધું હતું. કુલ ૧૦૫ વૃદ્ધો તેમજ સંચાલકો સહીત ગણમાન્ય નાગરિકો વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની પ્રેરણા કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને મળી હતી. પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્નાએ સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ડો.નીરવ જોશી સહીત સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સંપન્ન કરવા માં આવ્યો હતો.